# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## આકારણી શાખા

વડોદરા મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ દક્ષિણ ઝોનનાં તાબા હેઠળના વહિવટી વોર્ડ નં ૦૩,૦૪ અને ૧૨ ના હદ વિસ્તારમાં આવેલી તમામ રહેઠાણ, બીન રહેઠાણ, ઔદ્યોગીક એકમોની(નવીન સમાવિષ્ઠ ગામ વડદલા સિવાયની ) તમામ મિલકતોના સને ૨૦૨૧-૨૨નાંવર્ષનાં આકારણી રજીસ્ટર ધી ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ના પરિશિષ્ટ 'ક' ના પ્રકરણ-૮ ના નિયમ ૯ તથા નિયમ ૧૩ થી ૧૬ મુજબની પ્રસિધ્ધી બાબતે જાહેર નોટીસ

ક્ષેત્રફળ આધારિત આકારણી પધ્ધતી મુજ્બ મિલ્કતનો સામાન્ય કર આકારવા અંગેના વિવિધ પરિબળો તેમજ શિક્ષણ ઉપકર, પાણી કર, તથા કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ, ફાયર ટેક્ષ વિગેરેની વિગતો દર્શાવતા દક્ષિણ ઝોનનાં (વોર્ડનં. ૦૩ , ૦૪ અને ૦૧૨ ) હદ વિસ્તારમાં આવેલી રહેણાંક,બીન રહેણાંક અને ઔધોગિક એકમોની (નવીન સમાવિષ્ઠ ગામ વડદલા સિવાયની) તમામ મિલ્કતોનાં સને ૨૦૨૧-૨૨ નાં વર્ષના આકારણીરજીસ્ટર આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ રજીસ્ટરમાં દાખલ કરેલી વિગતો અને નોંધો, કચેરીનાં કામકાજનાં દિવસોમાં સવારનાં ૧૦.૩૦ થી ૧.૦૦ તથા ૧.૩૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી સંબધિત વહીવટી વોર્ડની કચેરીમાં જોવા મળશે. આકારણી રજીસ્ટરમાં નોંધવામાં આવેલ વિગતો બાબતે જો કોઇ વાંધો હોય તો લેખિત વાંધા અરજી તા.૧૩ -૧૦-૨૦૨૧ સુધીમાં નિયત કરેલા ફોર્મમાં કે સાદા કાગળમાં સંબંધિત વહીવટી વોર્ડની કચેરીમાં આપી તેની પહોંચ મેળવી લેવી અથવા તમારી નકલ ઉપર સહી સિક્કા કરાવી લેવા.

અન્ય બાબત-(૧) વાંધા અરજીનું ફોર્મ નિયત કિંમતે વોર્ડ કચેરીએથી વેચાણથી આપવામાં આવશે તેમજ અરજ્દાર સાદા કાગળ પર પણ વાંધા અરજી કરી શકશે. (૨) સદર જાહેરાત સંબધી વધુ વિગતો/જાણકારી/સમજ મેળવવા કચેરીનાં કામકાજનાં સમયમાં સંબંધિત વહીવટી વોર્ડની કચેરીનો સંપર્ક કરવો.

પી.આર.ઓ.નં. ૫૦૦ /૨૦૨૧-૨૨ મ્યુનિસિપલ કમિશનર